# બનાસકાંઠા એલસીબી પોલીસનું વધુ એક સફળ ઓપરેશન

## થરાદના ખાનપુર ગામના રહેણાંક મકાનમાંથી પોણા બે લાખના દારૂ સાથે મકાન માલિકની ધરપકડ



ડીસા, તા. ૨૨

બનાસકાંઠાની એલસીબી પોલીસની ટીમે થરાદ પોલિસ મથકના હદ વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેવાના વધુ એક ઓપરેશનને સફળ રીતે પાર પાડ્યું છે.

જિલ્લા પોલીસ અધીક્ષકની સુચનાથી દારૂબંધીનાં કડક અમલ માટે સક્રિય બની ગયેલા બનાસકાંઠા એલસીબી પોલીસના ઈન્ચાર્જ પી.આઈ. જે.એચ. સિંધવના માર્ગદશન હેઠળ એલસીબી પીએસઆઇ એમ.આર. મોહનીયા એલસીબીના કુલદીપસિંહ સહિત અન્ય કર્મચારીઓની ટીમ સાથે થરાદ પોલિસ મથકના હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળ્યા હતા એ દરમ્યાન ખાનગી બાતમીના આધારે ખાનપુર ગામમાં સેધાભાઈ ગણેશભાઈ વજીરના રહેણાંક મકાનમાં ઓચિંતો દરોડો પાડતાં આ મકાનમાંથી ૧,૭૫,૨૦૦ રૂપિયાની કિંમતનો ૧૭૫૨ બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો જેથી એલસીબી પોલીસે દારૂના જથ્થા સાથે મકાન માલિક સેંધાભાઈ વજીરની ધરપકડ કરી તેને થરાદ પોલીસના હવાલે કરતાં થરાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગ્રામીણ પોસ્ટલ વિભાગના કર્મચારીઓ સાતમાં પગારપંચ પ્રશ્ને અચોક્કસ મુદતની હડતાલ પર



ધનસુરા, તા. ૨૨

ભારત અને ગુજરાતના ગ્રામીણ પોસ્ટ ઓફીસના કર્મચારીઓ (ગ્રામીણ ડાક સેવકો) અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. ત્યારે ધનસુરાના ગ્રામીણ પોસ્ટ ઓફિસના કર્મચારીઓ પણ ૭ મા પગાર પંચ અને પડતર માગણીઓને લઈને અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા. જેમાં અરવલ્લીને સાબરકાંઠા ડીવીજન લાગે છે તેના ૯૭૫ જેટલા કર્મચારીઓ પણ હડતાલમાં જોડાયા હતા.

અરવલ્લી જિલ્લાના ગ્રામીણ પોસ્ટ ઓફિસોના કર્મચારીઓ સાતમા પગાર પંચ અને અન્ય ભથ્થાઓનો લાભ, નવી પેન્શન સ્કીમની જગ્યાએ જુની પેન્શન સ્કીમ યથાવત રાખવી, ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી, પાંચ દિવસનું અઠવાડિયા ફાઈવ ડે વીકનો અમલ કરવો, ખાનગીકરણ તેમજ કોન્ટ્રાકટરાઈઝેશન તેમજ આઉટ સોસીંગ પ્રથા બંધ કરવી તથા બિનજરૂરી હેરેસમેન્ટ બંધ કરવા સહિત પંદરથી વધુ માંગણીઓ સાથે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા છે. નેશનલ યુનિયનના પ્રમુખ જે.એમ. પટેલ, સેક્રેટરી જે.બી. પટેલ, ઓલ ઈન્ડિયા યુનિયનના પ્રમુખ વી.વી. પટેલ, સેક્રેટરી આર.એ. ચડી જોડાયા હતા. ઓલ ઈન્ડિયા પોસ્ટલ જી.ડી.એસ યુનિયનના અરવલ્લી જીલ્લાના જેમાં સાબરકાંઠા ડીવીજનના ૯૭૫ જેટલા કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા.

# ધુલેટા ગામમાં મહાકાલી માતાજી મંદિરનો પાંચમો પાટોત્સવ યોજાયો

ભિલોડા,તા.૨૨

ધુલેટા ગામમાં મહાકાલી માતાજી મંદિરનો પાંચમો પાટોત્સવ શ્રધ્ધાભેર ધામધુમ પુર્વક ભાવિક ભક્તો ધ્વારા યોજાયો હતો. ધુલેટા ગામમાં મહાકાલી માતાજી મંદિરનો પાંચમો પાટોત્સવની ભાવિક ભક્તો ધ્વારા ધામધુમ પુર્વક ઉજવણી કરાઈ હતી. મુખ્ય યજમાન પદે હરેશભાઈ જોષી, જશવંતલાલ ઉપાધ્યાય, લક્ષ્મીકાંતભાઈ પંડ્યા, ભરતભાઈ પંડ્યા તેમજ પુનાસણ ગામના કર્મકાંડી ગોર મહારાજ ભીખાભાઈ વ્યાસએ વૈદિક મંત્રોચ્ચાર ધ્વારા વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. યોગેશભાઈ ઉપાધ્યાય ધ્વારા મહાપ્રસાદીનું આયોજન હાથ ધરાયું હતું. મહાકાલી માતાજીના મંદિરમાં ભાવિક ભક્તોએ દર્શન કરી આશીર્વાદ મેળવી મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ધુલેટા જલારામ મંદીર ટ્રસ્ટ પ્રમુખ મનોજભાઈ ઉપાધ્યાય, સંતો, મહંતો, ભાવિક ભક્તો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ધુલેટા ગામમાં મહાકાલી માતાજીના મંદિરમાં પાંચમો પાટોત્સવ શ્રધ્ધાભેર ઉજવાયો હતો.

### પાલનપુરમાં રાત્રીના સમયે

# બાઈક ચોરીની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ




પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જીલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે રાત્રીના સમયે ચોરીઓનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ગત રાત્રીએ પાલનપુર શહેરના આકેશણ રોડ પર આવેલ ગુરુકૃપા સોસાયટી માં બાઈક ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સોસાયટીમાં રહેતા આકાશ સોલંકી નામના શખ્સે પોતાનું યામાહા કંપનીનું બાઈક પોતાના ઘર ની બહાર પાર્ક કરેલું હતું અને રાત્રીના સાડા ત્રણ થી ચાર વાગ્યા ની વચ્ચે અજાણ્યા ત્રણ ઈસમો બાઈક પર હથિયાર સાથે આવી અને બાઈક નું લોક ખોલી ચોરી કરી ફરાર થઈ ગયા હતા દરમ્યાન સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. અવારનવાર આ સોસાયટી માંથી બાઈક ચોરી અને ઘરફોડ ચોરી થવા પામી છે. પોલીસ તંત્ર પણ ચોરીના વધતા જતા ગુનાઓને રોકવા માટે રાત્રી દરમ્યાન પોલીસ પેટ્રોલિંગ વધારે તે પણ જરૂરી બન્યું છે.

# દેવામાં ડૂબેલા બિલ્ડરે પત્ની-પુત્રીઓને ઠાર મારી



અમદાવાદ,તા. ૨૨

જજીસ બંગ્લોઝ-બોડકદેવ વિસ્તારમાં આવેલ રત્નમ્ ટાવરમાં રહેતા અને બિલ્ડિંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા એક બિલ્ડરે આજે વહેલી સવારે રિવોલ્વર વડે ગાઢ નિંદ્રામાં પોઢી રહેલી પોતાની પત્ની અને અને બે પુત્રીઓની પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ઠાર મારી હત્યા કરી નાંખતા સમગ્ર વિસ્તાર સહિત શહેરભરમાં હાહાકાર મચી ગયો હતો. બિલ્ડર દ્વારા કરોડો રૂપિયાના આર્થિક દેવા અને ઘરકંકાસને કારણે પોતાની લાયસન્સવાળી રિવોલ્વર વડે પરિવારને ખતમ કરી નંખાયો હોવાની પ્રાથમિક વિગતો સામે આવી હતી. ઘટનાને અંજામ આપ્યા બાદ ખુદ બિલ્ડરે જ પોલીસ કંટ્રોલરૂમમાં જાણી હત્યાકાંડનો મેસેજ આપ્યો હતો અને પોતાને પોલીસ હવાલે કરી દીધો હતો. પોલીસ આવે ત્યાં સુધી આ હત્યારો પતિ તેમ જ પિતા ઘરમાં લાશો વચ્ચે બેસી રહ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી અને આરોપી બિલ્ડર ધર્મેશ શાહની ધરપકડ કરી જરૂરી ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. સનસનાટીભર્યા આ બનાવની વિગત એવી છે કે, બોડકદેવ વિસ્તારમાં ચીફ જસ્ટિસ બંગલો પાસે આવેલા રત્નમ્ ટાવરમાં ધર્મેશભાઈ પ્રેમચંદભાઈ શાહ (ઉ.વ. ૫૦) પત્ની અમીબહેન, પુત્રી હેલી અને દીક્ષા સાથે રહે છે. ધર્મેશભાઈ વેજલપુર વિસ્તારમાં આવેલા સફલ પ્રિલયુડમાં દીવા ઈન્ફ્રાસ્ટ્રકચરના નામે બિલ્ડિંગ કન્સ્ટ્રકશન અને સિવિલ એન્જિનીયરીંગનો વ્યવસાય કરે છે. આજે વહેલી સવારે પરિવાર ઘરમાં સૂતો હતો ત્યારે ધર્મેશભાઈએ પોતાની લાઈસન્સવાળી રિવોલ્વરથી પત્ની અમીબહેન(ઉ.વ.૪૮)ને ગોળી મારી હત્યા કરી હતી. પત્નીની હત્યા બાદ રિવોલ્વર લોક થઈ ગઈ હતી, જેથી બીજી રિવોલ્વર વડે તેમણે બાદમાં પુત્રી હેલી(ઉ.વ.૨૨) અને દીક્ષા(ઉ.વ.૧૭)ને પણ ગોળી મારી તે બંનેની પણ હત્યા કરી નાખી હતી. ગોળીનો અવાજ સાંભળી આસપાસના રહીશો દોડી આવ્યા હતા. ખુદ ધર્મેશભાઈએ પોલીસ કંટ્રોલમાં ફોન કરી જાણ કરી હતી કે, મેં મારી પત્ની અને બે પુત્રીઓની હત્યા કરી નાખી છે. હત્યાનો મેસેજ મળતાંની સાથે જ વસ્ત્રાપુર પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો રત્નમ્ ટાવર પહોંચી ગયો હતો. ઘટનાની જાણ થતાં એફએસએલના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે ત્રણેયની લાશને પી.એમ. અર્થે હોસ્પિટલ મોકલી આપી હતી. પરિવારના મોભીએ જ પોતાની પુત્રીઓ અને પત્નીની હત્યા કરી નાખતાં આસપાસના રહીશોમાં પણ ચકચાર મચી ગઈ હતી. પોલીસે ધર્મેશભાઈ શાહની ધરપકડ બાદ હાથ ધરેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, ધર્મેશભાઈની મોટી પુત્રી હેલીએ આર્કિટેક એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હોઈ પિતાની સાથે વ્યવસાયમાં જોડાયેલી હતી. દિક્ષાને આગળ વિદેશમાં અભ્યાસ કરવા જવાનું હોવાથી રૂ.૭૦ લાખનો ખર્ચો થવાનો હતો પરંતુ તેની વ્યવસ્થા નહી થતાં પરિવાર ટેન્શનમાં હતો.

# રાજ્યમાં બે દિવસ હજુ ગરમીભર્યા રહેશે

## સૌરાષ્ટ્ર અને કચ્છમાં તાપમાન ૪૫ ડિગ્રી સુધી રહેવાની ચેતવણી જારી કરાઈ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરમાં આજે પણ કાળઝાળ ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અનેક વિસ્તારોમાં પારો ૪૫થી પણ ઉપર પહોંચ્યો હતો. આગામી બે દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં પારો ૪૧થી ૪૫ સુધી રહી શકે છે જ્યારે ઉત્તર ગુજરાતના વિવિધ ભાગોમાં પારો ૪૦થી ૪૪ વચ્ચે રહેવાની ચેતવણી જારી કરાઈ છે. આવી જ રીતે દક્ષિણ ગુજરાતમાં પણ પારો વધારે રહી શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ અને સુરેન્દ્રનગરમાં થયો હતો. જ્યાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી રહ્યું હતું. અમદાવાદમાં આજે પારો ૪૩.૪ ડિગ્રી રહ્યો હતો. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. બીજી બાજુ વધતી ગરમી વચ્ચે પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો મે મહિનામાં ૧૯ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૭૪૩ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના ૧૯ જ દિવસમાં ૧૭૩ અને ટાઈફોઈડના ૨૦૪ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના ૧૯ દિવસના ગાળામાં ૨૭૬ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં મે મહિનામાં ૧૧૦૦ કેસ સાદા મેલેરિયાના નોંધાયા હતા. આ મહિનામાં ઝેરી મેલેરિયાના ૦૪ કેસો સપાટી ઉપર આવ્યા છે. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. તાપમાનમાં આંશિક ઘટાડો થયો હોવા છતાં અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. આગામી દિવસોમાં પણ ગરમીના પ્રમાણમાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આગામી દિવસોમાં પારો હજુ પણ ઉપર જઈ શકે છે. વધતી જતી ગરમીના કારણે લોકો હવે વધુમાં વધુ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકોને રાહત આપવા માટે જુદા જુદા વિસ્તારમાં પાણીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઘણી જગ્યાઓએ પાણીના જગ મુકાયા છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અનેક વિસ્તારોમાં સક્રિય થયેલી છે. જેના પરિણામ સ્વરૂપે લોકોને તીવ્ર ગરમી વચ્ચે મદદ કરવામાં આવી રહી છે.

## તોજપોશી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઈકાલે સોમવારે દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને મળીને તેમની સાથે વાત કરી હતી.

આ ગાળા દરમિયાન રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવવાના મુદ્દા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કુમારસ્વામી પહેલા જ કહી ચુક્યા છે કે કોંગ્રેસ અને જેડીએસની વચ્ચે સત્તા વહેંચણીને લઈને કોઈ સમજૂતિ કરવામાં આવી નથી. કોંગ્રેસના નેતાઓએ વાતચીત કર્યા બાદ કુમારસ્વામીએ કહ્યું હતું કે તેઓ ગાંધી પરિવાર પ્રત્યે સન્માન વ્યક્ત કરવા ઈચ્છતા હતી. જેથી દિલ્હી પહોંચ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી બંને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે કહી ચુક્યા છે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી બંને શપથ ગ્રહણમાં હાજરી આપનાર છે.

## 'અચ્છેદિન'

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓનલાઈન ઓપ્શન રહેશે. ત્યારબાદ અને ફ્લાઈટના સમયથી ૯૬ કલાક પહેલા સુધી ટિકિટ કેન્સલેશન પર કોઈ ચાર્જ લાગૂ થશે નહીં. આ ઉપરાંત ૨૪ કલાકની અંદર ટિકિટમાં નામ સરનામા જેવા ફેરફાર પણ કોઈપણ ચાર્જ વગર કરાવી શકાશે. મંત્રીએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, કોઈપણ સ્થિતિમાં કેન્સલેશન ચાર્જ બેઝિક ભાડા અથવા તો ફ્યુઅલ ચાર્જના પ્લસથી વધારે હોઈ શકે નહીં. નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રીએ કહ્યું હતું કે, જો એરલાઈન્સ કંપનીઓની ભુલના કારણે ફ્લાઈટમાં ડિલે થાય છે તો તેમને યાત્રીઓને વળતર આપવાની જરૂર પડશે. જો ફ્લાઈટ આગામી દિવસ સુધી માટે ડિલે થાય છે તો કોઈપણ પ્રકારના વધારાના ચાર્જ માટે યાત્રીઓના હોટલમાં રોકાવવાની વ્યવસ્થા કરવી પડશે. કનેક્ટિંગ ફ્લાઈટ મિસ થવાની સ્થિતિમાં પણ કંપનીઓને વળતર આપવાની ફરજ પડશે. ફ્લાઈટ ચાર કલાકથી વધારે ડિલે થવાની સ્થિતિમાં યાત્રી ટિકિટ કેન્સલ કરાવી શકે છે અને તેમને સંપૂર્ણ પૈસા રિફંડ કરી દેવામાં આવશે.

## ભાવમાં ભડકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાહિમામ પોકારી ગયા છે. પેટ્રોલ પંપ ઉપર કિંમતો રોકેટગતિથી વધી રહી છે. ક્રુડ ઓઈલ માટે આંતરરાષ્ટ્રીય માર્કેટ પર ભારતને આધારિત રહેવાની ફરજ પડે છે. વર્ષ ૨૦૧૪ બાદથી સૌથી ઉંચી સપાટી ક્રુડ ઓઈલની થઈ ગઈ છે. ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્ષપોર્ટીંગ કન્ટ્રી દ્વારા પેટ્રોલિયમ પેદાશોમાં કાપ મુકવામાં આવ્યા બાદ સ્થિતિ વણસી રહી છે. ધર્મેન્દ્ર પ્રધાને સંબોધનમાં કહ્યું હતું કે જુદા જુદા વિકલ્પો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ટુંક સમયમાં જ પેટ્રોલિયમ પેદાશો પર અંકુશ માટે કોઈ નવી રણનીતિ તૈયાર કરવામાં આવશે. વધતી જતી કિંમતોને કાબુમાં લેવા માટે નિષ્ફળતા બદલ સરકારની ચારેબાજુ વ્યાપક ટીકા કરવામાં આવી રહી છે. રાજકીય રીતે સંવેદનશીલ ગણાતા આ મુદ્દા પર વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર પૈકીના એક એવા ભારતમાં પણ આ મુદ્દે ચિંતાજનક રીતે મુશ્કેલી ઉભી કરી રહ્યો છે. ક્રુડ ઓઈલ માટે મજબૂત વૈશ્વિક કિંમતોના જોખમના લીધે ભારતની સ્થિતિ આ કોમોડિટીને લઈને ચિંતાજનક છે. ભારત તેની તેલ જરૂરીયાતો પૈકીની ૮૦ ટકા જરૂરીયાતો આયાત મારફતે પૂર્ણ કરે છે. આવી સ્થિતિમાં ક્રુડના મહત્વને લઈને ચર્ચા ખૂબ જરૂરી બની ગઈ છે. સોમવારના દિવસે ઈન્ડસ્ટ્રી લોબી ગ્રુપ એફઆઈસીસીઆઈ દ્વારા તેલની આયાત ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં તરત કાપ મુકવા માટેની માંગ કરી હતી. આ વર્ષે ઓઈલને લઈને ખર્ચનો આંકડો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી રહ્યો છે. આ આંકડો એક ટ્રિલિયન ડોલર સુધી પહોંચી જવાની શક્યતા છે. જે ૨૦૧૫ અને ૨૦૧૬ની સરખામણીમાં બે ગણો વધારે છે. તેલ કિંમતો ૮૦ ડોલરની સપાટી ઉપર પહોંચી ગઈ છે. ભાવ ક્રુડના સતત વધી રહ્યા છે ત્યારે ચિંતા વધી છે.

## ફાયરિંગ યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી અને પછી રાતે લગભગ ૧૦:૧૦ વાગ્યે ફાયરિંગ શરૂ કરી દેવામાં આવી. તેઓ રમઝાનના મહિનામાં પણ બોર્ડર પર સીઝફાયર કરવા લાગ્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસેના વિસ્તારોમાં બોર્ડર પારથી થઈ રહેલી ફાયરિંગમાં એક ૮ મહિનાના માસૂમ બાળકનું મોત થયું છે. ન્ઝ પાસે સ્થિત વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા સીઝફાયરનું ઉલ્લંઘન કરવાને કારણે સુરક્ષાદળોની સાથે સાથે અનેક નાગરિક પણ શિકાર બની રહ્યા છે. આ દરમિયાન સોમવારે અખનૂર વિસ્તાર સ્થિત કેરી બત્તાલમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ફાયરિંગમાં ૮ મહિનાના માસૂમે જીવ ગુમાવ્યો. પીઠ પર ગોળી વાગવાને કારણે તેનું દર્દનાક મોત થયું છે. સીઝફાયર ઉલ્લંઘનની ઘટના પછી રાજ્યના મુખ્યમંત્રી મેહબૂબા મુફ્તીએ સોમવારે ન્ઝ પાસેના વિસ્તારોની મુલાકાત લીધી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર તેમણે અરનિયા સેક્ટરમાં બોર્ડર પાસેના ગામના લોકોની મુલાકાત લીધી હતી. અરનિયાની આ મુલાકાત દરમિયાન તેમણે અધિકારીઓને ફાયરિંગમાં ઈજાગ્રસ્ત લોકોની સારવાર માટે દરેક શક્ય વ્યવસ્થા કરવાના આદેશ આપ્યા છે.

## નમૂના લેવા

● અનુંસંધાન છેલ્લાનું ચાલુ

કાર્ડ તૈયાર કરવાની કામગીરી હાલ ગતિમાં છે. જે આગામી દિવસોમાં વિતરણ કરવામાં આવશે. આ નમૂનાઓને આધારે ૭૨ હજાર જેટલા ખેડૂત ખાતેદારોના સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર થશે. આ સૂત્રોએ જણાવ્યું છે કે બે વર્ષમાં જ જિલ્લાના તમામ ગામો અને ખેડૂત ખાતેદારોને આવરી લેવાનું લક્ષ્યાંક નિયત થયેલ છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ૨૦૧૮-૧૯ માટે ગ્રીડ આધારિત નક્કી કરવામાં આવેલ સર્વે નંબરની જમીન પરથી જમીનના નમૂના એકત્રિત કરવામાં આવશે.

આ માટે પિયત વિસ્તારમાં ૨.૫૦ હેક્ટર વિસ્તારની એક ગ્રીડ અને બિન પિયત વિસ્તારમાં ૧૦ હેક્ટર વિસ્તારને આવરી લેતી ગ્રીડ તૈયાર કરવામાં આવી છે. જમીન સ્વાસ્થ્ય કાર્ડ પાક ઉત્પાદન માટે રાસાયણિક ખાતરોની પસંદગી અને તેનો જથ્થો નક્કી કરવામાં મદદરૂપ થશે.

## ગુલમહોર

● ચોથા પાનાનું ચાલું

પ્રોમિલે કહ્યું કે "મેં બધું વાંચી લીધું છે. હું તારી સાથે જ છું. તારે ક્યાંય જવાની જરુર નથી કે હિંમત હારવાની જરુર નથી.?"

પારોમિતા બોલી હતી: "તમને યાદ છે? હમણા હમણા થોડા થોડા દિવસોના અંતરે ત્રણ ત્રણ વાર મારો ભાઈ મને પિયર લઈ જવા આવ્યો હતો અને મેં ના પાડી દીધી ત્યારે હંગામો મચાવ્યો હતો. મને પિયર લઈ જવા પાછળ ભાઈનો પ્રેમ નહોતો, એની હવસની ભૂખ હતી." આટલું બોલતાં તો પારોમિતાની આંખો ભરાઈ આવી હતી.

પ્રોમિલ જાતે જ પારોમિતાને લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. પારોમિતાએ ફરિયાદ લખાવી હતી. પોલીસ સામે પણ જરા જુદા પ્રકારનો કેસ આવ્યો હતો. સગા ભાઈએ પોતાની જ બહેન ઉપર વર્ષો સુધી બળાત્કાર અને અત્યાચાર ગુજાર્યો હોવાની ફરિયાદે ચકચાર મચાવી દીધી હતી. વર્ષો સુધી યાને પારોમિતાનાં લગ્ન સુધી તો ઘરની વાત ઘરમાં જ દબાવી રાખવામાં આવી હતી.

મોહિત કંઈ ગાંજ્યો જાય એવો નહોતો. તે ગમે તેમ કરીને તપાસ કરનાર પોલીસ અધિકારીની ઓળખાણ લઈ આવ્યો હતો. પોલીસનો સ્વર હવે બદલાઈ ગયો હતો. પોલીસ અધિકારીએ પારોમિતાને અને તેના પતિને સમજાવ્યા હતા કે "લાંબું કરવામાં કોઈનું ભલું થવાનું નથી. ફરિયાદ પાછી ખેંચી લો. શા માટે હાથે કરીને સમાજમાં બદનામ થવા તૈયાર થયા છો?" પોલીસ અધિકારીએ સલાહ આપી હતી એ પ્રમાણે પ્રોમિલની ગેરહાજરીમાં બળજબરી કરીને પારોમિતાને તે પિયર લઈ આવ્યો હતો અને કહ્યું હતુ: "પારો, તને કેટલું બધું સમજાવીને પ્રોમિલ પાસે મોકલી હતી? હવે કાન ખોલીને સાંભળી લે. ગમે તેમ કરીને એનું મકાન તારા નામે કરાવી લે. પછી એ મકાન વેચી કાઢીશું. હવે જો તું પ્લાન પ્રમાણે કામ નહિ કરે તો તારી ખેર નથી."

પ્રોમિલ હવે કૉર્ટ-કેસોના ચક્કરમાં આવી ગયો હતો. દીકરાનું દુઃખ જોઈ જોઈને મા ગુજરી ગઈ હતી તો પારોમિતા ઈચ્છા-અનિચ્છાએ પણ પિયરમાં હતી. પ્રોમિલ એકલો પડી ગયો હતો. સાળાએ જીવલેણ હુમલો કર્યો હતો તે કેસ ફોજદારી કૉર્ટમાં ચાલે છે. પત્ની પારોમિતાએ પતિ સામે ફોજદારી કૉર્ટમાં એક કેસ શારીરિક-માનસિક અત્યાચારનો અને એક કેસ દહેજ ઉત્પીડનનો કર્યો છે, એ પણ ચાલી રહ્યો છે. આ ઉપરાંત વળી ફેમિલી કૉર્ટમાં મેન્ટેનન્સનો કેસ પણ ખરો. આમ ચાર ચાર કેસની મુદતે અદાલતમાં હાજર રહેવાનું અને આખો દિવસ નીકળી જાય, તેથી નોકરી છુટી ગઈ છે. સમય ન આપી શકવાના કારણે મલ્ટીપ્લેક્સના પાર્કિંગ અને મેન્ટનન્સના ધંધાને પણ અસર થઈ છે. કદાચ મરવાના વાંકે જીવી રહ્યો છે, પ્રોમિલ.

## પ્રસંગસર

● ચોથા પાનાનું ચાલું

કિલોમીટરના કાંસની સફાઈ થશે.

આ જળ અભિયાનમાં રાજયની અનેક સેવાભાવી સંસ્થાઓ, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ તથા ધાર્મિક, સામાજિક સંસ્થાઓએ કયાંક આર્થિક સહયોગ તો કયાંક જનજાગૃતિના પ્રયાસો દ્વારા પ્રત્યક્ષ યા પરોક્ષ સહયોગ આપ્યો છે. તેના આપણે ઋણી છીએ. આવી સેવાભાવી સંસ્થાઓને પણ પ્રોત્સાહન મળે તે માટે જે ગામમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત કામગીરી ચાલતી હોય તેવા ગામમાં ગ્રામજનો યથાશક્તિ સહયોગ આપે તો આ જળ અભિયાન સાચા અર્થમાં જળસંચય માટેનું જળ અભિયાન બની જશે.

આટલુ મોટું જળ અભિયાન પ્રજાકીય શકિતના સથવારે અને તેની હૂંફની અપેક્ષાથી રાજય સરકારે આરંભ્યું હોય ત્યારે આપણે પણ તેમાં સહભાગી બનીએ તે સમયનો તકાદો છે. ગુજરાતની જનતાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં કહીએ તો હરહંમેઠ આપત્તિને અવસરમાં પલટાવી છે ત્યારે આ તો આપત્તિ નહીં પણ ઈશ્વરે આપણી કસોટી કરી છે અને આ કસોટીમાંથી ગુજરાતની ખમીરવંતી જનતા ભૂતકાળની જેમ બહાર આવવાની જ છે. સુજલામ સુફલામ જળઅભિયાન જનતા જનાર્દનની શકિત સાથે સફળ થવાનું જ છે. તેવો વિશ્વાસ અલેખે ન જાય તે જોવાની જવાબદારી ગુજરાતની જનતાની છે અને આ જવાબદારી ગુજરાતની જનતા સુપેરે અદા કરશે તેવો વિશ્વાસ છે.

# કંપની સમાચાર

## અરિહંત ઈન્સ્ટીટ્યુટ લિમિટેડનો આઈપીઓ દ્વારા ૨૧ નવાં કોચિંગ કેન્દ્રો ખોલવાનો ઉદ્દેશ, આઈપીઓ મારફતે રૂ. ૭.૫ કરોડ ઉભા કરાશે

## આ ઈશ્યુ ૨૩ મે ૨૦૧૮ના રોજ ખુલશે અને ૨૮ મે ૨૦૧૮ના રોજ બંધ થઈ જશે

અરિહંત ઈન્સ્ટીટ્યુટ લિમિટેડ કંપની એ જે વિદ્યાર્થીઓ ચાર્ટડ એકાઉન્ટન્સી અને કંપની સેક્રેટરી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ રહ્યાં છે તે માટેનાં કોચિંગ કેન્દ્રો સ્થાપવા અને તે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવું તે કાર્ય સાથે સંકળાયેલી છે. હવે આ કંપની ૨૫ લાખ ઈક્વિટી શેરનો પોતાનો પ્રથમ આઈપીઓ લાવી રહી છે કે જેના દરેક શેરની અસલ કિંમત (FACE VALUE) ૧૦ રૂપિયા છે. અને તેના દરેક શેરની નિશ્ચિત કિંમત ૩૦ રૂપિયા છે. શૈક્ષણિક કેન્દ્રો સ્થાપીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડનાર આ કંપની તેના આઈપીઓ થકી કુલ ૭.૫ કરોડ રૂપિયા ઉભા કરવા માંગે છે. જેથી ભારતનાં વિવિધ ૨૧ અલગ અલગ સ્થળોએ નવાં કોચિંગ કેન્દ્રો સ્થાપી શકાય અને વધારામાં અત્યારના અને ભવિષ્યમાં સ્થપાનાર કોચિંગ કેન્દ્રોને ટેકનોલોજીના સર્વોચ્ચ ધોરણે સુધારી શકાય અને કોર્પોરેટ ઓફીસ તરીકે તેની પુનઃ રચના કરી શકાય.

૨૩ મે ૨૦૧૮ના રોજ આ ઈશ્યુ ભરાવાનો ચાલુ થશે અને ૨૮ મે ૨૦૧૮ના રોજ તે બંધ થી જશે. આ આઈપીઓ BSE SME પ્લેટફોર્મ પર નોંધણી કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછી અરજી ૪૦૦૦ શેરની રહેશે. હાઈ નેટવર્થ ઈન્ડીવિડ્યુઅલ માટેની બીડ લોટ ૮૦૦૦ શેર રહેશે તથા તેના ૪૦૦૦ના ગુણાંકમાં રહેશે.